## કચ્છમાં ઉર્જા ઉત્પાદન ક્ષેત્રે વધુ એક છોગું ઉમેરાશે

# કે.પી.ગ્રીન એનર્જી કચ્છમાં ૧૦ હજાર કરોડનું કરશે રોકાણ

**સોલાર અને પવનચક્કી મારફતે ૧ હજાર મેગાવોટ વીજળીનુંથશે ઉત્પાદન : ૧૫૦૦ પરિવારોને કાયમી રોજગાર મળશે : ફારૂખ પટેલ : કેપી ગ્રીન એનર્જીના ડેવલપમેન્ટ પાર્ટનર અને જાણીતા બોલીવૂડ અભિનેતા આદિત્ય પંચોલી ઉપરાંત મોટી સંખ્યામાં ઉદ્યોગપતિઓ રહ્યા ઉપસ્થિત**




### કચ્છમાં રોકાણ માટે હંક સ્ટીલ એન્ડ મેટાલિકે આપ્યું હતું ઈજન

ભચાઉ તાલુકાના સામખિયાળી સ્થિત હંક સ્ટીલ એન્ડ મેટાલિક લિ.ના ઈનામુલ ઈરાકીએ જણાવ્યું હતું કે, ગ્રીન એનર્જીના ઉત્પાદન માટે કચ્છ જિલ્લામાં વિપુલ સંભાવનાઓ રહેલી છે. જેને ધ્યાને લઈ કેપી ગ્રૂપને કચ્છમાં ગ્રીન એનર્જી પ્લાન્ટ સ્થાપવા માટે આમંત્રણ આપ્યું હતું. હવે કચ્છમાં કેપી ગ્રૂપ ૧૦ હજાર કરોડના માતબર રોકાણ સાથે ગ્રીન એનર્જી ઉત્પાદન કરવા જઈ રહ્યું છે. આ પ્રોજેક્ટથી કચ્છની કાયાપલટ થશે અને દેશના વિકાસન વેગ મળશે. આ તકે તેમણે કેપી ગ્રૂપને હંક સ્ટીલ તરફથી સંપૂર્ણ સહયોગની ખાતરી પણ આપી હતી.

ભચાઉ : સોલાર અને વિન્ડ એનર્જી ક્ષેત્રે દેશમાં મોખરાના સ્થાને રહેલા કચ્છ જિલ્લા ગ્રીન એનર્જી ઉત્પાદન ક્ષેત્રે વિકાસની નવી ઉંચાઈઓ સર કરવાના સંજોગોનું નિર્માણ થયું છે. ભચાઉ તાલુકાના સામખિયાળી ખાતે આવેલ હંક સ્ટીલ એન્ડ મેટાલિક લિ. કંપનીમાં આયોજીત પત્રકાર પરિષદમાં કેપી ગ્રૂપના ચેરમેન ફારૂખભાઈ પટેલે મહત્વપૂર્ણ ઘોષણા કરતા જણાવ્યું હતું કે, કેપી ગ્રૂપ દ્વારા કચ્છ જિલ્લામાં ૧૦ હજાર કરોડનું રોકાણ કરવામાં આવશે. સોલાર અને પવનચક્કી દ્વારા ૧ હજાર મેગાવોટ વિજળીનું ઉત્પાદન કરવામાં આવશે. આ પત્રકાર પરિષદમાં બોલીવુડના વિખ્યાત અભિનેતા આદિત્ય પંચોલી જે કંપી ગ્રીન એનર્જીના ડેવલોપમેન્ટ બિઝનેસ પાર્ટનર છે તેઓ અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહ્યા હતા અને તેમણે કેપી ગ્રૂપને અભિનંદન પાઠવ્યા હતા. કેપી ગ્રૂપના ચેરમેન ફારૂખભાઈ પટેલે વિસ્તૃત વિગતો આપતા જણાવ્યું હતું કે, ગ્રીન એનર્જી માટેના ૧૦ હજાર કરોડના મહાત્વાકાંક્ષી પ્રોજેક્ટમાં કંપની દ્વારા બિનઉપજાઉ જમીનનો ઉપયોગ કરવામાં આવશે જેથી પર્યાવરણને મોટો ફાયદો થશે. એક હજાર મેગાવોટ વીજ ઉત્પાદન ક્ષમતાના પ્રોજેક્ટ થકી ૧૫૦૦ જેટલા પરિવારોને કાયમી રોજગાર પ્રાપ્ત થશે. દેશમાં ગરીન એનર્જી ઉત્પાદનમાં ત્રીજા સ્થાને રહેલ કેપી ગ્રૂપ કચ્છના વિવિધ વિસ્તારોમાં પવનચક્કીઓ અને સોલાર પ્લાન્ટ સ્થાપિત કરશે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી અને કેન્દ્ર સરકાર ગ્રીન એનર્જીને પ્રોત્સાહન આપે છે ત્યારે કેપી ગ્રૂપ દ્વારા ગ્રીન એનર્જીના ઉત્પાદન માટે મહાત્વાકાંક્ષી પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યા છે. અભિનેતા આદિત્ય પંચોલીએ જણાવ્યું હતું કે, દેશના વિકાસ માટે વીજળીની ઉપલબ્ધતા અનિવાર્ય અંગ સમાન છે. ગ્રીન એનર્જીના ઉત્પાદનમાં કેપી ગ્રૂપ સિંહફાળા સાથે દેશના વિકાસમાં યોગદાન આપશે. હંક સ્ટીલ એન્ડ મેટાલિક લિ.ના ચેરમેન ઈનામૂલ ઈરાકીએ કેપી ગ્રૂપને અભિનંદન પાઠવ્યા હતા. આ તકે હંક સ્ટીલ એન્ડ મેટાલિક લિ.ના ચેરમેન અબ્દુલભઈ ઈરાકી, ગેલન સ્ટીલના દિનેશભાઈ, વેલસ્પનના અમનભાઈ ગોએન્કા, જિન્લાલ શોના અરવિંદ કિરણ, મોનો સ્ટીલના હિતેશ શાહ, અગ્રવાલ ગ્રૂપના મનિષ કુશલા, મહમદભાઈ અગીઆ, નુરમામદભાઈ રાયમા વગેરે ઉપરાંત ઉદ્યોગપતિઓ અને કેપી ગ્રૂપના અધિકારીઓ-કર્મચારીઓ હાજર રહ્યા હતા.

# સૌરઊર્જાના પ્લાન્ટ થકી કચ્છમાં રોજગારીની તક ઊભી થશે

## સુરતનાં કે.પી. ગ્રુપ દ્વારા હક સ્ટીલના સહકારથી કચ્છમાં ૧૦ હજાર કરોડનું રોકાણ કરાશે : અભિનેતા આદિત્ય પંચોલીની ઉપસ્થિતિ



*કંપનીની મુલાકાત વેળાએ અભિનેતા આદિત્ય પંચોલી અને કંપનીના અધિકારીઓ નજરે પડે છે.* **(તસવીર : કમલેશ ઠક્કર)**

ભચાઉ, તા. ૨૫ : વિકાસની હરણફાળ ભરી રહેલા સરહદી કચ્છ જિલ્લામાં સુરતની કંપની દ્વારા કચ્છમાં પુનઃ પ્રાપ્ય ઊર્જાના ક્ષેત્રમાં નોંધપાત્ર રોકાણ કરવામાં આવ્યું છે. આ વેળાએ ખાસ ઉપસ્થિત રહેલા અભિનેતાએ પુનઃ પ્રાપ્ય ઊર્જાના પ્રકલ્પથી કચ્છનો વિકાસ વધુ વેગીલો બનશે તેવી લાગણી વ્યક્ત કરી હતી.

સુરતના કે.પી. ગ્રુપ દ્વારા ૧ હજાર વિજ ઉત્પાદનની ક્ષમતાના સોલાર પાવરના પ્લાન્ટ માટે ૧૦ હજાર કરોડનું મુડીરોકાણ કરવામાં આવશે.

આ કાર્યને આગળ ધપાવવા કચ્છની મુલાકાતે આવેલા અભિનેતા આદિત્ય પંચોલીએ કચ્છની ભૂમીને વંદન ક્ર્યા હતાં.. તેમણે કહ્યું હતું કે વડાપ્રધાને સૌના સાથ સૌના વિકાસના સુત્રને આગળ ધરીને અનેક વિકાસકાર્યો હાથ ધર્યા છે. કચ્છ જિલ્લામાં લાખો એકર પડતર કે બંજર જમીન પડી છે કુદરતી સંપદા વ્યાપક માત્રામાં છે. સૌરઊર્જાના આ પ્લાન્ટ થકી કચ્છમાં રોજગારીની વ્યાપક તક ઉભી થશે તેવું તેમણે જણાવ્યું હતું. વિકસતા કચ્છમાં વિજળી ઉત્પાદન ક્ષેત્રે નામના ધરાવતા કે.પી. ગ્રુપના ચેરમેન, એમ.ડી. ડો.ફારૂક જી. પટેલ આ કાર્ય કરી રહ્યા હોવાનું તેમણે જણાવ્યું હતું.

આ પ્રકલ્પમાં હક સ્ટીલના માલીક ઈનામુલ હક ઈરાકીનો સહકાર મળતો હોવાનું જણાવ્યુ હતુ. નવરાત્રી-વિજયાદશમીના આ વિજ ઉત્પાદનના કાર્યનો આરંભ થયો તે બદલ તેમણે હર્ષની લાગણી વ્યક્ત કરી હતી.

ફારૂક જી. પટેલે ગુજરાતમાં કરેલા વિવિધ રોકાણની માહિતી આપી ખાવડા સહીત કચ્છના ચાર એકમોનું કામ પ્રગતિમાં હોવાની માહિતી આપી હતી. ઉદ્યોગપતિ ઈનાયતભાઈએ કચ્છમાં કનૈયાબે પાસે સ્ટીલના સળીયાનું ઔદ્યોગિક એકમ શરૂ કરવાના કાર્યની વિગત આપી હતી. અભિનેતા આદિત્ય પંચોલી, ડો.ફારૂક પટેલ અને હક સ્ટીલના એમ.ડીની મિત્રતાને લઈને કચ્છની ભુમિમાં નવું રોકાણ થઈ રહ્યું છે.

આ વેળાએ મોરબી, સામખિયાળી, દુધઈ પટ્ટીના ઉદ્યોગકારો, ખાવડાથી અગ્રણીઓ, ભચાઉ તાલુકાના ગામના સરપંચો હાજર રહ્યા હતા.